કામનું નામ :- Panel Rate Contract & A.R.C. for Civil works for Various health care facilities In Various Taluka : Netrang,Valia & Jhagadiya of Dist : Bharuch.

## Special Condition (ખાસ શરતો)

(આ શરતો કબૂલ હોવા અંગે ઈજારદારે રૂા.૩૦૦/- નાં સ્ટેમ્પપેપર પર કબુલાતનામું ટેન્ડર ડોકયુમેન્ટ સાથે આપવાનું રહેશે)

(૧) સદર ટેન્ડરના ભાવપત્રક મંજુર થયે ઈજારદારશ્રીઓએ લેબર લાઇસન્સ રજુ કરવાનું રહશે ત્યાર બાદ જ ઈજારદારશ્રીને સદર ટેન્ડરની કામગીરી સોંપવામાં આવશે.

(૨) સદર ટેન્ડર માં ભાગ લેનાર તમામ ઈજારદારશ્રીએ દરેક આઇટમના ક્વોટ કરેલ ભાવોના સૌથી નીચા (લોએસ્ટ ૧) ભાવોનું તુલનાત્મક પત્રક તૈયાર કરવામાં આવશે જે ભાવોએ તમામ ઈજારદારશ્રીએ કામગીરી કરી આપવાની રહશે.

(3) સદર ટેન્ડરમાં ઈજારદારશ્રી દ્વારા અસાધારણ ઊંચા / નીચા ભાવો ક્વોટ કર્યાનું માલુમ થયે ઈજારદારશ્રીને પેનલ પરથી હટાવી તેઓના તમામ આઇટમોના ભાવો રદબાદલ કરવામાં આવશે અને તેઓને સદર ટેન્ડરની કામગીરી સોંપવામાં આવશે નહીં.

(૪) સદર કામગીરીમાં ઈજારદારશ્રીને વર્કઓર્ડર મળ્યાથી સમય મર્યાદા સ્થળ સ્થિતિની જરૂરિયાત મુજબ વધુમાં વધુ 30 (ત્રીસ) દિવસમાં કામગીરી બિનચૂક પૂર્ણ કરવાની રહશે.

(૫) ઈજારદારે કામગીરી પૂર્ણ થયે કામગીરીનું સંતોષકારક હોવા અંગે મેડિકલ ઓર્થોરિટી ભરૂચ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર તથા કરેલ કામગીરીના આફ્ટર બિફોરના કલર ફોટોગ્રાફ મેળવી બીલ સાથે રજુ કરવાનું રહેશે.

(૬) ઈજારદારને સોંપવામાં આવેલ કામગીરીની પ્રગતિ ધીમી હોય તથા નિયત સમય મર્યાદામાં પૂર્ણ ન કરવાના કિસ્સામાં સદર કામગીરી પેનલ પરના અન્ય ઈજારદારશ્રીને સોંપીની કામગીરી પૂર્ણ કરાવી લેવામાં આવશે તથા ત્યાર બાદ ભવિષ્યમાં આવનાર કામગીરી સમય મર્યાદામાં કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલ ઈજારદારશ્રીને ફાળવવામાં આવશે નહીં.

(૭) ઈજારદારશ્રી એ તેઓને સોંપવામાં આવેલ કામગીરી માંથી નીકળતું ડેબ્રિઝ / કચરો સ્વખર્ચે કેમ્પસ બહાર નિકાલ કરવાનો રહશે જે માટે અન્ય કોઈ નાણાકીય ચુકવણું અત્રેથી કરવામાં આવશે નહિ.

(૮) સદર ટેન્ડરમાં ભાગ લેનાર તમામ ઈજારદારશ્રીઓને કામગીરી સોંપવામાં આવશે.

(૯) સદર ટેન્ડરમાં ભાગ લેનાર તમામ ઈજારદારશ્રી એ SBD ક્લોઝ મુજબ સિક્યોરિટી ડિપોઝીટ ભરીને તેની રસીદ અત્રેની ઓફિસ ખાતે રજુ કર્યા બાદ અત્રેથી કામગીરી ફાળવવામાં આવશે.

(10) સદર ટેંડર ઈજરદાર્શ્રી દ્વારા અસાધારણ ઉંચા/નીચા ભાવો ભરતા માલુમ થયે ઈજારદાર્શ્રીને પેનલ પરથી હટાવી તેઓના તમામ આઈટમોના ભાવો રદ બદલ કરવામા આવશે અને તેઓને સદર ટેંડરની કામગીરી સોપવામા આવશે નહી.

કાર્યપાલક ઈજનેર
પી.આઈ.યુ ઝોન-૬
ભરૂચ